**–:: નમુનો–અ ::–**

सत्यमेव जयते

**મહે. કલ્યાણપુરના જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસની કોર્ટ,**
**જી. દેવભુમિદ્વારકા.**
**ચુકાદાની તા.૦૬/૦૪/૨૦૨૬**
**ફોજદારી કેસ નં.૧૪૧૪/૨૦૨૪ આંક–૨૬**

| **ગુન્હાની વિગત** | |
|---|---|
| ગુન્હાની કલમ | આર્મ્સ એકટની કલમ–૨૫(૧–બી)એ મુજબ |
| પ્રથમ માહિતી અહેવાલ નં. | પાર્ટ–બી ગુ. ર. નં. ૧૧૧૮૫૦૦૩૨ ૩૦૧ ૫૮/૨૦૨૩ |
| પોલીસ સ્ટેશન | કલ્યાણપુર |
| ફરીયાદીપક્ષ | શ્રી સરકાર |
| ફરીયાદપક્ષ તરફે વિ.વ.શ્રી : | વિ.એ.પી.પી.શ્રી જે. જે. રાઘવાણી |
| આરોપીપક્ષ | રણમલભાઈ જીવણભાઈ જામ, ઉ.વ. ૪૦, ધંધો–ખેતીકામ, રહે. માળી ગામ, ગલાધાર વાડી વિસ્તાર, તા. કલ્યાણપુર, જી. દેવભુમિદ્વારકા. |
| આરોપી તરફે વિ.વ.શ્રી : | વિ.વ. શ્રી એસ. કે. બેલા. |

**–:: નમુનો–બ ::–**

| | |
|---|---|
| ગુન્હાની તારીખ | ૧૯/૦૨/૨૦૨૩ |
| પ્રથમ માહિતી અહેવાલની તારીખ | ૧૯/૦૨/૨૦૨૩ |
| ચાર્જશીટની તારીખ | ૦૭/૧૧/૨૦૨૪ |
| તહોમતનામું/પ્લી ફરમાવ્યાની તારીખ | ૦૧/૦૧/૨૦૨૫ |
| પુરાવો શરૂ થવાની તારીખ | ૩૧/૦૭/૨૦૨૫ |
| ચુકાદો મુલત્વી રાખ્યાની તારીખ | –– |
| ચુકાદાની તારીખ | ૦૬/૦૪/૨૦૨૬ |
| સજા હુકમની તારીખ(લાગુ પડે તો) | –– |

**–:: આરોપીની વિગત ::–**

| ક્રમ | આરોપીનું નામ | ઘરપકડ ની તારીખ | જામીન મુકત તારીખ | તહોમત | શું નિર્દોષ/ દોષ | કરવામા આવેલ સજા | સુનાવણી દરમ્યાન અટકાયતનો સમય ગાળો ફોજદારી કાર્યરીતી સંહીતાની કલમ–૪૨૮ મુજબ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | રણમલભાઈ જીવણભાઈ જામ | ૧૯/૦૨/ ૨૦૨૩ | ૨૦/૦૨/ ૨૦૨૩ | આર્મ્સ એકટની કલમ–૨૫(૧–બી)એ મુજબ | નિર્દોષ | –– | –– |

**–:: નમુનો (ક) ::–**

**અ. ફરીયાદપક્ષ તર્ફે સાહેદો :–**

| ક્રમ | આંક | સાહેદનું નામ |
|---|---|---|
| (૧) | આંક–૧૦ | ફરીયાદી એ.એસ.આઈ. જેસલસિંહ ગુલાબસિંહ જાડેજાની જુબાની |
| (૨) | આંક–૧૨ | પંચ સાહેદ ગૌતમભાઈ ખીમજીભાઈ ડોરૂની જુબાની |
| (૩) | આંક–૧૪ | પોલીસ સાહેદ પી.એસ.આઈ. ભાર્ગવકુમાર માનસુખલાલ દેવમુરારીની જુબાની |
| (૪) | આંક–૧૫ | પોલીસ સાહેદ એ.એસ.આઈ. સજુભા હમીરજી જાડેજાની જુબાની |
| (૫) | આંક–૧૬ | પોલીસ સાહેદ પો.હે.કો. પ્રદિપસિંહ શિવાયસિંહ જાડેજા ની જુબાની |
| (૬) | આંક–૨૧ | તપાસ કરનાર અમલદાર એ.એસ.આઈ. હરીશભાઈ ભાયાભાઈ બારીયાની જુબાની |

**બ. ફરીયાદપક્ષ તર્ફે રજુ થયેલ દસ્તાવેજો :–**

| ક્રમ | આંક | દસ્તાવેજની વિગત |
|---|---|---|
| (૧) | આંક–૧૧ | ફરીયાદ |

| | | |
|---|---|---|
| (૨) | આંક–૧૩ | આરોપીને અટક તથા મુદ્દામાલ કબજે કર્યા અંગેનું પંચનામું |
| (૩) | આંક–૨૨ | મુદ્દામાલ એફ.એસ.એલ.માં મળી ગયા અંગેનો પત્ર |
| (૪) | આંક–૨૩ | એફ.એસ.એલ. ગાંધીનગરનો અભીપ્રાય |
| (૫) | આંક–૨૪ | જિલ્લા મેજી. શ્રીની ચાર્જશીટ કરવા માટેનો મંજુરી પત્ર |

**<u>–: ઠ રા વ :–</u>**

**(૧)** **<u>ફરિયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત:</u>** તારીખ:૧૯/૦૨/૨૦૨૩ ના કલાક ૨૧:૧૫ વાગ્યાના સુમારે માળી ગામે બસ સ્ટેન્ડ પાસે જાહેરમાં આરોપીએ પોતાના કબજામાં ગેરકાયદેસર રીતે પરવાના (લાયસન્સ) વગરનો દેશી બનાવટનો તમંચો હથિયાર(અગ્નિશસ્ત્ર) કિંમત રૂા. ૫૦૦૦/– તથા ખાલી કેપ નંગ–૦૭ કિંમત રૂા. ૦૦–૦૦ સાથે પકડાઈ જઈ ગુન્હો કરેલ હોઈ, જે મતલબની ફરિયાદ ફરિયાદી એ આપતા તે અનુસંધાને કલ્યાણપુર પોલીસ સ્ટેશન પાર્ટ–બી ગુના રજીસ્ટર નં. ૧૧૧૮૫૦૦૩૨૩૦૧૫૮ /૨૦૨૩ થી ગુનો દાખલ કરવામાં આવેલ.

ત્યારબાદ, તપાસનીશ અમલદારે તપાસને અંતે આરોપીઓ વિરુધ્ધ પૂરતો પુરાવો હોવાનું જણાતા, આર્મ્સ એકટની કલમ–૨૫ (૧–બી) એ મુજબના ગુના અંગેનું ચાર્જશીટ નામદાર કોર્ટમાં રજૂ કરેલ છે.

**(૨)** સદરહું કામના આરોપી કોર્ટ સમક્ષ હાજર થતાં, બી.એન.એસ.એસ.ની કલમ–૨૩૦ મુજબ પોલિસ તપાસનાં કાગળોની નકલો વિના–મૂલ્યે પૂરી પાડેલ. અત્રેની અદાલત દ્વારા આરોપી વિરુધ્ધનાં આક્ષેપિત ગુના અંગે આંક–૦૩થી તહોમતનામું ફરમાવી, સમજાવી આરોપીની આંક–૦૪થી પ્લી લેતાં, આરોપી એ ગુનો કર્યાનો ઈન્કાર કરતા, સદરહું કામના આરોપી વિરુધ્ધ ગુનાની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

**(૩)** આ કામે ફરીયાદપક્ષે નમુના(ક) માં દર્શાવ્યા મુજબના મૌખિક તથા

દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે.

(૪) સદરહું કામે ફરિયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી દ્વારા મૌખિક વિનંતીથી ફરિયાદપક્ષનો પુરાવો પુર્ણ થયાનું જાહેર કરતા, ફરિયાદપક્ષનો પુરાવો બંધ કરવામાં આવેલ છે. ત્યાર બાદ આરોપીનું વિશેષ નિવેદન બી. એન. એસ. એસ. કલમ–૩૫૧ અન્વયે નોંધવામાં આવેલ અને જેમાં આરોપીએ જણાવેલ છે કે તેઓ નિર્દોષ છે તે સિવાય આરોપીએ સોગંદ ઉપર કોઈ પુરાવો રજૂ કરેલ નથી કે આ કામે કોઈ બચાવના સાહેદ તપાસેલ નથી.

(૫) ત્યારબાદ ફરિયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી જે.જે.રાઘવાણી તથા આરોપી તરફે વિ.વકીલ શ્રી એસ. કે. બેલાની મૌખિક દલીલો સાંભળવામાં આવેલ છે.

(૬) સદરહું કેસના ન્યાય નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છેઃ

**–:: મુદ્દાઓ ::–**

૧. શું ફરિયાદપક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, તારીખઃ૧૯/૦૨/૨૦૨૩ ના કલાક ૨૧:૧૫ વાગ્યાના સુમારે માળી ગામે બસ સ્ટેન્ડ પાસે જાહેરમાં આરોપીએ પોતાના કબજામાં ગેરકાયદેસર રીતે પરવાના (લાયસન્સ) વગરનો દેશી બનાવટનો તમંચો હથિયાર(અગ્નિશસ્ત્ર) કિંમત રૂા. ૫૦૦૦/– તથા ખાલી કેપ નંગ–૦૭ કિંમત રૂા. ૦૦–૦૦ સાથે પકડાઈ જઈ આર્મસ એકટની કલમ– ૨૫(૧–બી)એ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે?

૨. શું હુકમ?

(૭) ઉપરોકત મુદ્દાના નિર્ણયો કારણો સહિત નીચે મુજબ છેઃ

૧. નકારમાં,

૨. આખરી હુકમ મુજબ.

**–: કા ર ણો :–**

**મુદા નં.૧ :–**

(૮) ક્રિમીનલ જસ્ટીસ ડીલેવરી સિસ્ટમ મુજબ ફરીયાદપક્ષે આરોપી સામે મુકવામાં આવેલ તહોમત બીયોન્ડ રીઝનેબલ ડાઉટ યોગ્ય અને નિઃશંક પુરાવો રજુ કરીને પુરવાર કરવાનુ હોય છે. ટુંકમાં આરોપી દોષિત છે તેવો પુરતો અને વિશ્વસનીય પુરાવો રજુ કરીને ફરીયાદપક્ષે પુરવાર કરવાનુ હોય છે. આરોપી નિર્દોષ છે તેવુ આરોપીએ પુરવાર કરવાનું હોતુ નથી. એમ કહી શકાય કે ફોજદારી મુકદમામાં આરોપીએ પોતાની નિર્દોષતા પુરવાર કરવાની હોતી નથી. કાયદાના પ્રસ્થાપિત સિઘ્ધાંત મુજબ આરોપીને દોષિત ન ઠરાવવામાં આવે ત્યાં સુધી તે નિર્દોષ છે તેવી ધારણા કરીને અદાલતે ચાલવાનું હોય છે અને નામદાર કોર્ટ ઘ્વારા બાં ધવામાં આવેલ આ અનુમાનનું ખંડન ફરીયાદપક્ષે યોગ્ય, પુરતો ને વિશ્વસનીય પુરાવો રજુ કરીને કરવાનું હોય છે. ફરીયાદપક્ષના રજુ થયેલ પુરાવામાં એકાદ કડી પણ પુરવાર કરવાનું ફરીયાદપક્ષ ચુકે તો તેવી સ્થિતિનો લાભ બચાવપક્ષને મળવાપાત્ર થાય છે અને તે સંજોગોમાં આરોપી દોષમુકિત અગર બેનીફીટ ઓફ ડાઉટ મેળવવા હકકદાર થાય છે.

(૯) ફરીયાદપક્ષે આંક–૧૦થી ફરીયાદી એ.એસ.આઈ. જેસલસિંહ ગુલાબસિંહ જાડેજાને તપાસેલ છે. તેઓએ પોતાની ફરીયાદ મુજબનો પુરાવો આપેલ છે. જેમાં ગઈ તા.૧૯/૦૨/૨૦૨૩ ના રોજ ખાનગી રાહે મળેલ હકીકત તથા ઉપરી અધિકારીની સુચનાથી બનાવવાળી જગ્યાએ પંચો સાથે જઈને જોતાં, આ કામના આરોપી રણમલ જીવા પાસેથી એક તમંચો મળી આવેલ જે પોતાના કબજામાં રાખવા બદલ પાસ પરમીટ માંગતા નહી હોવાનું જણાવતો હોય જેથી સાથેના આર્મર વિક્રમભાઈ ઓડેદરાએ તમંચો હથીયારનું નિરીક્ષણ કરેલ હોવાનું

જણાવેલ છે. જેમાં, સાત નંગ કેપ મળી આવેલ, તથા સદરહુ અગ્નિશસ્ત્ર ચાલુ હોવાનું જણાવેલ છે. જે તમામ કબજે લીધેલ અને આરોપી વિરુધ્ધ આંક–૧૧ થી રજુ કરેલ ફરીયાદ આપેલ હોવાનું જણાવેલ છે. બચાવપક્ષે લેવામાં આવેલ ઊલટ તપાસ દરમિયાન સ્વીકારેલ છે કે, હાલના કામે મે કોઈ લેખીત ફરીયાદ આપેલ નથી. હાલના આરોપીને ફાયરીંગ કરતો નજરે જોયેલ નથી. હાલના કામે કોઈ પંચનામું મારા રૂબરૂનું થયેલ નથી. કહેવાતો બનાવવાળો વિસ્તાર જાહેર વિસ્તાર છે જયાં કોઈ પણ માણસ આસાનીથી આવ–જા કરી શકે છે. હાલના કામેના પંચો માળી ગામના નથી. હથીયાર ચાલુ હાલતમાં હતુ કે કેમ તે હું કહી શકુ નહી. તમંચો અને હેન્ડ ગન બન્ને અલગ અલગ હથીયાર છે. કહેવાતા બનાવમાં સાત નંગ ખાલી કેપ મળેલા હતા.

**(૧૦)** ફરીયાદપક્ષે આરોપીને અટક તથા મુદ્દામાલ કબજે કર્યાનું આંક–૧૩ વાળુ પંચનામું સાબિત કરવા તપાસેલ પંચોએ માત્ર તેઓની સહીઓ ઓળખી બતાવેલ છે. પંચનામાની વિગતોને કોઈ જ સમર્થન આપેલ નથી.

**(૧૧)** ફરીયાદપક્ષે આંક–૧૪ થી આંક–૧૬ સુધી અન્ય પોલીસ સાહેદો તપાસવામાં આવેલ છે. તે તમામે ફરીયાદીની ફરીયાદ મુજબની એક સરખી જ જુબાની આપેલ છે. તેમજ તમામ સાહેદોએ મહત્વની હકીકતો સ્વીકારેલ છે કે : ૧) આરોપીને ફાયરીંગ કરતો નજરે જોયેલ નથી. ૨) હથીયાર ચાલુ હાલતમાં હતુ કે કેમ તે તેઓ કહી શકે નહી. ૩) આરોપી પાસેથી સાત નંગ ખાલી કેપ મળી આવેલ હતા.

**(૧૨)** ફરીયાદપક્ષે આંક–૨૧ થી તપાસ કરનાર અમલદાર હરીશભાઈ ભાયાભાઈ બારીયાનાઓને તપાસવામાં આવેલ છે. તેઓના પુરાવા મુજબ હાલની તપાસ અગાઉ એ. એસ.આઈ. એલ. કે. કાગડીયાનાઓ ને સોંપેલ, જેઓએ તપાસ સંભાળી લાગતા વળગતા સાહેદોના

નિવેદનો લીધેલ, તેમજ આરોપીનો ખુલાસો લીધેલ, બાદ આ કામની તપાસ તેઓએ સંભાળેલ. જેમાં, તેઓએ આ કામે મુદ્દામાલનો રવાનગી પત્ર કરેલ. જેની પહોંચ આંક–૨૨ થી અને ગાંધીનગર તરફથી મુદ્દામાલનો એફ.એસ.એલ.નો અભીપ્રાય આંક–૨૩ થી તથા ચાર્જશીટ કરવા અંગેની જિલ્લા મેજી. સાહેબશ્રીની મંજુરી આંક–૨૪ થી રજુ કરેલ છે. વધુમાં, આરોપી વિરૂઘ્ધ પુરતા પુરાવા હોય નામદાર કોર્ટમાં ચાર્જશીટ કરેલ હોવાનું જણાવેલ છે. બચાવપક્ષે લેવામાં આવેલ ઊલટ તપાસ દરમિયાન સ્વીકારેલ છે કે, બનાવવાળો વિસ્તાર ગ્રામ્ય વિસ્તારનો રહેણાંક વિસ્તાર છે, ત્યાં માણસો રહે છે અને અવર જવર હોય છે. હાલના કામે કોઈ પણ સ્વતંત્ર સાહેદોના નિવેદન લીધેલા નથી. મે હાલના કામે કોઈ પંચનામું કરેલ નથી કે કોઈ પણ નિવેદન લીધેલ નથી. હાલના કામે મે કોઈ મુદ્દામાલ કબજે કરેલ નથી. હાલના આરોપીએ કોઈ જગ્યાએ ફાયરીંગ કરેલ હોય તેવુ નજરે જોનાર કોઈ સાહેદ મળી આવેલ નથી. તમંચામાં દારૂ ગોળો નાખેલ ન હોય તો ફાયરીંગ થઈ શકે નહી. ફરીયાદીની ફરીયાદ અનુસાર નંગ–૦૭ ખાલી કેપ મળેલા હતા. હાલના કામે ફરીયાદી રેડમાં ગયા હોય, તે દર્શાવતો ફરીયાદીની ફરીયાદ સિવાય અન્ય કોઈ પુરાવો તપાસના કામે અમોને મળેલ નથી. આ કામે આરોપીએ ફાયરીંગ કરેલ હોય અને કોઈ જાનહાની થયેલ હોય, એવુ અમારી તપાસમાં ખુલેલ નથી. આજ રોજ આંક–૨૩ થી રજુ કરેલ ફોરવર્ડીંગમાં કોઈ પુરી તારીખ લખેલી નથી, તેમજ નાયબ નિયામક નાઓએ માત્ર તેની સહી કરેલ છે, પરંતુ કચેરીનો રાઉન્ડ શીલ કે નાયબ નિયામકની ઈનીશીયલ લખેલ નથી.

**(૧૩)** ફરીયાદપક્ષે આરોપી વિરુઘ્ધ લગાવેલ ત્હોમતો સાબિત કરવા માટે ઉપર જણાવ્યા મુજબના સાહેદો તપાસેલ છે. જે સાહેદો પોલીસ સાહેદો છે,

તમામ સાહેદોએ એક સરખી જુબાની આપેલ છે કે આરોપીએ ગેરકાયદેસર રીતે પાસ પરવાના વગર દેશી તમંચો રાખી ગુન્હો કરેલ છે. પરંતુ જે હથિયાર પોલીસ સાહેદોએ આરોપી પાસેથી પંચનામાની વિગતે કબજે કરેલ હોવાનું જણાવેલ છે તે પંચનામાના પંચો હોસ્ટાઈલ થયેલ છે. જેથી આવા કોઈ હથિયારની રીકવરી આરોપી પાસેથી કરવામાં આવેલ હોય તેવુ સાબિત થતુ નથી. વધુમાં, ઉપરોકત મુદ્દામાલ હથિયાર આરોપી પાસેથી કબજે કર્યુ તે વખતે તે ચાલુ હાલતમાં હતું કે કેમ તેવુ ફરીયાદપક્ષે તપાસેલ એક પણ સાહેદે સ્પષ્ટ કરેલ નથી. ફરીયાદીના જણાવ્યા મુજબ તેઓ સાથે આર્મર વિક્રમભાઈ ઓડેદરાએ હથિયાર ચાલુ હાલતમાં હોવાનું જણાવેલ, પરંતુ હાલના કામે ફરીયાદપક્ષે વિક્રમભાઈને સાહેદ તરીકે તપાસેલ નથી. તે જ રીતે આ હથિયાર સાથે કોઈ જીવતા કાર્તુસ મળી આવેલ હોય તેવુ પણ રેકર્ડ પર આવેલ નથી.

(૧૪) ફરીયાદપક્ષે રજુ થયેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓનું કાળજી પુર્વકનું તુલનાત્મક મુલ્યાંકન કરી કેસમાં નિર્ણય ઉપર પહોંચવાનું રહે છે. સદરહું કામે તપાસવામાં આવેલ ફરીયાદી તથા પોલીસ સાહેદોની જુબાનીઓ ધ્યાને લેતાં એ હકીકત રેકર્ડ ઉપર આવે છે કે, સદરહું કામે પંચોના નામ ફરીયાદમાં કે સાહેદોનાં નિવેદનમાં કે ફરીયાદી કે સાહેદોની જુબાનીમાં જણાવવામાં આવેલ નથી. તેમજ રેડમાં ગયેલ તે વાહનની લોગ બુકમાં એન્ટ્રી કરેલ હોય, તેવી કોઈ એન્ટ્રી હાલના કામે રજુ રાખવામાં આવેલ નથી. વધુમાં, હાલના કામે સ્વતંત્ર સાહેદ તપાસેલ નથી અને આ કામે તપાસેલ પંચોએ આરોપી પાસેથી કોઈ પ્રોહીબીટેડ હથિયાર મુદામાલ મળી આવેલ તે અંગે કોઈ સમર્થન આપેલ નથી. જેથી મુદામાલ હથિયાર આરોપી પાસેથી જ કબજે કરવામાં આવેલ છે કે કેમ? તે મહત્વનો વિષય શંકાસ્પદ બની રહે છે. વધુમાં કલમ–૨૪ મુજબ આરોપી વિરુધ્ધ પુરતા પુરાવા હોય, ચાર્જશીટ કરવા માટે જી. મેજી.

શ્રી, દેવભૂમિ દવારકાનાઓની પરવાનગી મેળવેલ છે. પરંતુ આ મુદામાલ હથિયાર હાલના આરોપી પાસેથી જ કબજે કરવામાં આવેલ છે તે અંગે કોઈ જ સ્વતંત્ર પુરાવો રેકર્ડ પર આવેલ નથી. જે પુરાવો આવેલ છે તે પોલીસ સાહેદોનો પુરાવો છે, સ્વતંત્ર સાહેદના પુરાવાનું સમર્થન ફરીયાદપક્ષને મળેલ નથી.

**(૧૫)** પોલીસ સાહેદોની જુબાની ન માનવા માટેનું કોઈ કાયદાકીય ધોરણ નથી. જો તેઓનો પુરાવો વિશ્વસનીય જણાતો હોય, તેમજ તેમનાં પુરાવામાંથી સત્ય ઝળકતુ હોય તો તેમના પુરાવા ઉપર આધાર રાખી શકાય, પરંતુ હાલના કામે ફરીયાદપક્ષે જે સાહેદોને તપાસવામાં આવેલ છે તે તમામ સાહેદોની જુબાનીઓ ધ્યાને લેવામાં આવે તો રેઈડ સમયે જે હથિયાર કબજે કરવામાં આવેલ તે હથિયાર ચાલુ હાલતમાં હતું અથવા તો તેમની સાથે કોઈ છરા કે અન્ય કારતુસ મળી આવેલ છે કે કેમ તે બાબતે એક પણ સાહેદે સોગંદ ઉપર પુરાવો આપેલ નથી. વધુમાં, હાલના કામે કબજે કરેલ હથિયારથી આરોપી એ કોઈને ઈજા કે જાન હાનિ કરેલ હોય તેવો પણ પુરાવો આવેલ નથી.

**(૧૬)** આ કામના એક પણ સાહેદે તેમને આવું હથિયાર ચલાવતા નજરે જોયેલ હોય તેવો પણ પુરાવો આપેલ નથી. પંચો હોસ્ટાઈલ થયેલ છે તેથી હાલના કામે મેળવેલ હથિયાર આરોપી પાસેથી જ કબજે કરેલ હતુ કે કેમ તે નકકી થયેલ નથી, તેમજ ફરીયાદપક્ષને તટસ્થ/સ્વતંત્ર સાહેદના પુરાવાનું સમર્થન મળેલ નથી. આમ, કબજે કરાયેલ હથિયાર ચાલુ હાલતમાં હતું, તેમજ તે શસ્ત્ર અધિનિયમ મુજબ પ્રતિબંધીત હથિયાર હતુ અને તે હથિયાર આરોપી પાસેથી જ કબજે કરવામાં આવેલ હતુ તે મહત્વની કહી શકાય તેવી હકીકતો જ વ્યાજબી શંકાથી પર પુરવાર કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ ગયેલ હોવાનું માની મુદ્દા નં.૧ નો નિર્ણય નકારમાં ઠરાવી મુદ્દા નં.૨ અન્વયે ન્યાના હિતમાં નીચે મુજબનો આખરી

હુકમ કરવામાં આવે છેઃ

## **–: આખરી હુકમ :–**

**(૧)** આથી, મથાળે આરોપીની વિગતમાં લખ્યા આરોપીને ધી આર્મ્સ એકટ કલમ–૨૫(૧–બી)એ મુજબના શિક્ષાપાત્ર ગુનામાં થી ક્રિમીનલ પ્રોસીજર કોડ, ૧૯૭૩ ની કલમ–૨૪૮(૧) અન્વયે પુરાવાઓનાં અભાવે શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ ફરમાવવામાં આવે છે.

**(૨)** મુદ્દામાલ પાવતીમાં જણાવેલ હથિયાર અપીલ સમય વિત્યા બાદ ડાયરેકટર ઓફ ફોરેન્સીક સાયન્સ ઓફ ગુજરાત, ગાંધીનગર ખાતે મોકલી આપવાનો હુકમ કરવામાં આવે છે.

**(૩)** આરોપીએ અપીલ સમય માટે રૂા.૫,૦૦૦/– (પાંચ હજાર) ના જામીન તથા તેટલી જ રકમના જાત મુચરકા આપવાનો હુકમ ફરમાવવામાં આવે છે.

હુકમ આજ તા.૦૬, માહે–એપ્રિલ, સને–૨૦૨૬ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, મારી સહીથી જાહેર કરવામાં આવ્યો.

**તા. ૦૬/૦૪/૨૦૨૬.**
**કલ્યાણપુર.**

**(અલ્પા પ્રભુદાસ કડીવાર)**
**GJ01554**
**જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,**
**તા. કલ્યાણપુર જી. દેવભુમિદ્વારકા.**